# પ્રકરણ – ૧૬

## ઈ-ગ્રામની કામગીરી

**હાર્ડવેર**

કચ્છ જિલ્લાની કુલ ૬૧૫ ગ્રામ પંચાયતોમાં રાજ્ય સરકારની સીધી સહાયથી કોમ્પ્યુટર હાર્ડવેર ને લગતી તમામ સામગ્રી પુરી પાડવામાં આવી. જેમાં કુલ ગ્રામ પંચાયત ૬૩૧ ગ્રામ પંચાયતોમાં હાર્ડવેર ને લગતી સામગ્રી માહે ઓગસ્ટ ૨૦૦૯ માં પૂર્ણ કરી જિલ્લાની ૧૦૦% કામગીરી પૂર્ણ કરવામાં આવી. તેમજ જાન્યુ. વર્ષ ૨૦૧૮ માં કચ્છની નવી ૧૬ ગ્રામ પંચાયતોમાં અન્ય લેટેસ્ટ ટેક્નોલોજી વાળા કોમ્પુટર આપવામાં આવેલ છે.

**વી.સી.ઈ.**

ગ્રામ પંચાયત ખાતે પુરા પડાયેલા હાર્ડવેરનો કાર્યક્ષમ ઉપયોગ થાય અને લોકોને સેવા મળી રહે તે હેતુસર કોમ્પ્યુટર પર કામગીરી કરી શકે તેવા ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (વી.સી.ઈ.) સાથે કરાર કરવામાં આવેલ છે.

**ઈ-ગ્રામ ખાતે શરુ થયેલ G2C સેવાઓ**

- **આર.ઓ.આર.**

  ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોને ૭/૧૨ તથા ૮-અ ના ઉતારા મળી રહે તે હેતુસર કચ્છ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં આર.ઓ.આર. ની સેવા ઓનલાઈન રીતે કાર્યરત કરેલ છે. આ સેવા વી.સી.ઈ. મારફત ઉપલબ્ધ કરાવેલ છે.

- **વીજબીલ કલેક્શન**

  ગ્રામ્યકક્ષાએ ગ્રામજનોને વીજબીલ ભરવા માટે ગ્રામ પંચાયતમાં જ સેવા મળી રહે તે માટે કચ્છ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં પી.જી.વી.સી.એલ. ની ઓનલાઈન એપ્લીકેશન કાર્યરત કરવામાં આવેલ છે.

**ઈ-ગ્રામ ખાતે શરુ થયેલ B2C સેવાઓ**

- મોબાઈલ રીચાર્જ
- DTH રીચાર્જ
- ઓનલાઈન બસ/રેલ્વે ટીકીટ બુકિંગ
- પાન કાર્ડની સર્વિસીસ
- પાસપોર્ટ સર્વિસીસ
- ઈલેકશન કાર્ડ સર્વિસીસ
- NPS (નેશનલ પેન્શન સીસ્ટમ) સર્વિસીસ
- ડ્રાઈવીંગ લાઈસન્સ

**ટેક્નીકલ સપોર્ટ**

ગ્રામકક્ષાએ પુરા પડાયેલ કોમ્પુટર હાર્ડવેર સતત ચાલુ રહે તેમજ ડેટાનો બેકઅપ લેવાય, એન્ટીવાયરસ સોફ્ટવેર અને ઈ-ગ્રામ અંતર્ગત અન્ય એપ્લીકેશન ઈન્સ્ટોલ કરવા તથા તલાટી કામ મંત્રી/વી.સી.ઈ. ને તાલીમ આપવા દરેક ૩૦ ગ્રામપંચાયત દિઠ એક ટી.એલ.ઈ. ની નિમણુંક કરવાની રાજ્ય સરકારની યોજના અન્વયે આ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ

એચ.સી.એલ. કંપની(પાર્ટનર ઓફ્ બ્લુમેક્ષ સર્વિસીસ) દ્વારા ગ્રામ પંચાયત માટે ૨૪ તાલુકા કક્ષાએ તથા ૧ ડી.એલ.ઈ. જિલ્લા કક્ષાએ કામગીરી બજાવે છે.

| **ક્રમ** | **જિલ્લા/તાલુકા નું નામ** | **કુલ ગ્રામપંચાયત** | **ઉપલબ્ધ ટેકનીકલ સપોર્ટર** | **થયેલ વીસેટ ઈન્સ્ટોલેશન** |
|---|---|---|---|---|
| **૧** | **કચ્છ (જીલ્લો)** | ૦ | ૧ | ૧ DLE |
| ૨ | અંજાર | ૫૬ | ૩ | ૫૩ |
| ૩ | અબડાસા | ૮૫ | ૨ | ૮૫ |
| ૪ | ભુજ | ૧૧૨ | ૪ | ૧૦૬ |
| ૫ | ભચાઉ | ૫૯ | ૨ | ૫૯ |
| ૬ | ગાંધીધામ | ૭ | ૧ | ૭ |
| ૭ | મુન્દ્રા | ૪૫ | ૨ | ૪૨ |
| ૮ | માંડવી | ૭૫ | ૩ | ૭૪ |
| ૯ | નખત્રાણા | ૭૭ | ૩ | ૭૭ |
| ૧૦ | લખપત | ૩૩ | ૧ | ૩૩ |
| ૧૧ | રાપર | ૮૨ | ૩ | ૭૯ |
| **કુલ** | | **૬૩૧** | **૨૫** | **૬૧૬** |